નમસ્કાર ગાંધીનગર

પમરાટ

રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઇ મનમાં મરી જવાના ?
નિજ મસ્ત થઈ જીવન આ પુરૂં કરી જવાના,
બિન્દુ મહીં ડૂબીને સિંધુ તરી જવાના !

- અમૃત 'ઘાયલ'

પાથેય

- રમેશ ઠક્કર

હલેસું એ જ આનંદ...

દરેક ઉંમરનો એક તકાદો હોય છે..આપણે એની આગળપાછળ જીવીએ છીએ... નાના હોઈએ ત્યારે આપણને યુવાન થવું ગમતું હોય છે..વડિલ જેવી અદાઓ કરવી ગમે છે..ઘરની ચર્ચાઓમાં પરાણે સામેલ થવાની તાલાવેલી થતી હોય છે..જવાબ મળે છે 'હજુ તું નાનો છે,તને ખબર ના પડે !' થોડાક મોટા થઈએ..એ રીતે સ્વીકૃતિ મળે એ પછી આપણને નાનપણ યાદ આવે છે..એ વખતનાં લાડ પ્યાર ફરીથી કોઈ કરે એવી અભિપ્સા થાય છે..જવાબ મળે છે..'હવે તું નાનો કીકલો નથી !' ઉમરની આવી તડકીછાંયડી અને એમાંથી પ્રગટતી અવનવી છાયાઓ,શેડસ્ ની મજા હોય છે... લૂખીસૂકી આપણી જિંદગીનો એ ધબકાર હોય છે !

નાનાં નાનાં છળ કે વય છુપાવવાની કળા અને એનો રોમાંચ પણ ગજબ હોય છે..આપણે જયારે ચાલીસના હોઈએ છીએ ત્યારે આપણને કોઈ ઉમર પૂછે તો આડત્રીસ કહેવાની એક અનોખી મજા આવતી હોય છે..પિસ્તાલીસ પાર કર્યા પછી ચાલીસ કહેવાનો આનંદ પણ એટલો જ મબલખ હોય છે..! વય વહે છે એમ આપણો લગાવ પણ વધે છે વિતેલા દિવસો માટે..જિંદગી રિવાઈન્ડિંગ મોડમાં જીવી શકાતી નથી અને આપણી એ તીવ્ર ઈચ્છા હોય છે કે સરી ગયેલી ક્ષણોનો સહવાસ ફરી મળી જાય !

સમયનું ચક્ર હોય છે..એ ગોળાકાર ફરતું રહે છે..આપણે એવા ભ્રમમાં રહીએ છીએ કે વિતેલો સમય ગોળ ફરીને ફરીથી આપણી સામે આવશે ! પણ નજાકત એ છે કે સમયના વર્તુળમાં નવું નવું ઉમેરાતું જાય છે..નવા માણસો,નવો અસબાબ, નવા સંબંધો, નવાં ગીત, નવી કવિતાઓ, નવા રસ્તાઓ..સમય ફરતો રહે છે..રોકાતો નથી..આદમી ઠીક સે દેખ પાતા નહીં..ઔર પરદે પે મંઝર બદલ જાતા હૈ !

આમાં આપણો દોષ પણ નથી..વહેતા સમયની સાથે તાલમેલ સાધતા રહેવું એ પણ એક પ્રકારની સાધના છે..કોઈ આપણને પહેલી વખત કાકા કે માસી કહી સંબોધે ત્યારે એક ઝટકો લાગતો હોય છે..દસેક વરસ પહેલાં એક રેડીમેડ કપડાંના શો રૂમમાં એક સરસ ટી શર્ટ મને ગમી ગયું..કંઈ બોલું એ પહેલાં યુવાન સેલ્સમેન સહસા બોલ્યો 'અંકલ એ યંગસ્ટર માટે છે...' ત્યારે ખબર પડી કે ઉમર કેટલા સ્વરૂપે દેખાતી હોય છે !

આપોઆપ ચાડી ખાતો ચહેરો અને અતીતને વાગોળતું ભાવુક મન..સમયના બદલાતા રંગ કે પ્રસંગને સહજ નહીં માનતું આપણું ઉર્મિજગત..આપણી અધુરી ખેવનાઓ..પરિકલ્પનાઓ..અને અતૃપ્તિઓનો આસવ વળીવળીને આપણને વળગાડી રાખે છે સરી જતા સમય સાથે..! સરી ગયેલા સમયની તસવીર જોઈ માણસને એક સરખી લાગણી થતી હોય છે કે પોતે કેવો સરસ લાગતો હતો..કેટલા મસ્ત હતા એ દિવસો..! હવે એવો સમય નહીં આવે...આવી લાગણી એ બીજું કંઈ નથી પણ વહેતા જીવનપ્રવાહનું એક હલેસું માત્ર છે !

યાત્રા જ અંતિમ યાત્રા બની જાય એ તો માનવજીવનની ક્રૂર મશ્કરી

તંત્રીસ્થાનેથી...

સમર્થ વિચારક અને સાચા અર્થમાં લોક હિતચિંતક સંન્યાસી સ્વામી સચ્ચિદાનંજીએ ૧૮૮૯માં 'નવા વિચારો' શીર્ષક હેઠળ પ્રકાશિત કરેલ પુસ્તકની પ્રસ્તાવનામાં તેઓ નોંધે છે : સત્ય અને ન્યાયના સરવાળાનું કામ ધર્મ છે જો સત્ય અને ન્યાયનું અસ્તિત્વ જ ના હોય અથવા બહુ અલ્પ પ્રમાણમાં હોય તો તેવો ધર્મ તેના ધારણ કરનારને ડુબાડતો હોય છે.... ડૂબતી પ્રજાને જોઈને અનુમાન કરી શકાય કે તેણે કેવો ધર્મ ધારણ કર્યો છે ! આવા ડુબાડનારા ધર્મને ખરેખર તો ધર્મ કહેવાય જ નહીં, તેને 'ધર્માભાસ' જ કહેવાય. સ્વામીજીનું આ ચિંતન આપણા વર્તમાન ધર્મપ્રેમીઓને કેટલું બધું લાગું પડે છે ! એમને એક અમેરિકને પ્રશ્ન કર્યો હતો કે 'વિશ્વમાં એવો કયો દેશ છે જયાં પ્રચંડ બહુમતી ધરાવતી પ્રજા બિચારી થઈને, રાંક થઈને, ભયભીત થઈને, ભવિષ્યની ચિંતા સાથે જીવે છે?' સ્વામી એનો સૂર સમજી ગયા હતા કે એનો અંગુલિનિર્દેશ હિંદુસ્તાન તરફ જ હતો તે એમ કહેવા માગતો હતો કે 'તમે અમને અધ્યાત્મ, યોગ, સંસ્કૃતિ અને ફિલસૂફીની દિવ્ય વાતો સંભળાવવા દોડી આવો છો, પણ તમારી વાસ્તવિક દશાનો તો વિચાર કરો. તમારી પ્રજા અંધશ્રદ્ધા, ભય, અપ્રમાણિકતા અને અનિશ્ચિત ભાવિ જેવી અનેક સમસ્યાઓનો ઉકેલ લાવી શકતી નથી, લાવી શકવાની પણ નથી...' ભારતીય પ્રજાનાં અમાપ કષ્ટોના મૂળમાં ધર્મને ચાતરીને જેને વળગી પડ્યા છીએ તે 'ધર્માભાસ' છે. આ ધર્માભાસ આપણને ગળથૂથીમાં મળે છે અને આપણે પઢી દર પેઢી એનું અનુસરણ કરતા રહીએ છીએ. એટલે જ આપણા દેશમાં કોરોના વિસ્ફોટ થવાની નવી સંભાવના વચ્ચે પણ લોકો ઘેટાંનાં ટોળાંની જેમ મંદિરોમાં દેવદર્શન કરવા ઊમટે છે. કથાકારોની કથાઓમાં હજારોની ભીડ થતી રહે છે. સરકાર ગમે તેટલી ગાઈડલાઈનો જાહેર કરતી ફરે પણ એને ઘોળીને પી જવાની આપણને ફાવટ આવી ગઈ છે. ઈશ્વર પર એવો આંધળો ભરોસો મૂકી દઈએ છીએ કે એ જે કંઈ કરશે તે સારા માટે જ હશે ! છાશવારે આપણે ધર્મસ્થાનોમાં થતાં ટોળાને કારણે થતી રહેતી ધક્કામુક્કી અને એથી થનાર જાનહાનિના સમાચાર સાંભળતા રહીએ છીએ. કોઈ અંબાજીનાં દર્શન જઈ પાછા ફરતાં અકસ્માતનો ભોગ બને છે, કોઈ દર્શન કરતી વખતે એકાએક પાછળથી ધક્કો આવતા નીચે પડી જાય છે અને માણસ જેવા માણસને કચડતું દર્શનાર્થીઓનું ટોળું 'દેવી' કે 'ભગવાન' ના દર્શન કરવા આગળ વધી જાય છે. આવા અકસ્માત આપણા ડાકોરના ઠાકોરની નજર સામે થયેલો છે અને હમણાં બેસતાં વર્ષના દિવસે જ - અઢી ત્રણના સુમારે વહેલી સવારે વૈષ્ણોદેવી ખાતે પણ બાર યાત્રાળુઓએ આહુતિ આપી દીધી છે. બહુ જ ક્રૂરતાપૂર્વક આપણા શ્રદ્ધાળુઓ ભોંય પડી ગયેલા વૃદ્ધો, સ્ત્રીઓ અને બાળકોને કચડતા 'જય માતા દી'ના નારા બોલાવતા આગળ ધસતા રહ્યા અને નીચે લાશોનો ઢગ ખડકાતો રહ્યો. શું આ ધર્મ છે ? એવી યાત્રા શા કામની જે માનવી જેવા માનવીની અંતિમ યાત્રા બની રહે ? પ્રશ્ન ઘણો અખરો છે. કારણ કે આપણી કહેવાતી શ્રદ્ધાળુ પ્રજા કયારેય સુધરવાની નથી. સ્વામીજી હિંદુ પ્રજાની આ નિર્બળતા વિશે બહુ જ તીખી આલોચના કરીને આપણને જગાડવા મથતા રહ્યા છે. તેઓ લખે છે : વિશ્વની કોઈ પણ પ્રજા કરતાં હિંદુ પ્રજા વધુ દાન આપે છે પણ તેનું દાન માનવવતાલક્ષી કે નિર્માણલક્ષી નથી રહ્યું, અથવા બહુ થોડા જ પ્રમાણમાં રહ્યું છે આપણે ભગવાન માટે છપ્પન ભોગોનો સોના-ચાંદીના થાળ રચી શકીએ છીએ, ૪૦-૪૦ મીટર કપડાની છપ્પન ગજની ધજાઓ લહેરાવી શકીએ છીએ, હજારો બ્રાહ્મણો અને સાધુઓની જમાતનો મિષ્ઠાન્ન ઉપર મિષ્ઠાન્ન ખવડાવી શકીએ છીએ, આપણા ધર્મગુરુઓને સોનાચાંદીથી જોખી શકીએ છીએ... જેને કશી જ જરૂર નથી એવા ભગવાન માટે લાખ્ખોની ભેટો, જમીનો, મકાનો, અરે, પોતાનાં બાળકો સુદ્ધાં ધરી શકીએ છીએ - પણ એ જ બધું માનવતા તરફ નથી વાળી શકતા. વૈષ્ણોદેવી દુર્ઘટના પાછળ બીજા કોઈને દોષિત ઠેરવતાં પહેલાં ખુદ આપણી આવી દિશાહીન 'ધાર્મિક શ્રદ્ધા' ને જ કારણભૂત ગણવી રહી. નરેન્દ્ર મોદી 'દુ:ખ' વ્યક્ત કરે અને મરનારાઓ માટે બે-બે લાખનું વળતર ચૂકવે એથી પ્રશ્ન પતી જતો નથી. જયાં સધી પ્રજાની ચેતના અંધશ્રદ્ધાના અફીણી નશામાં અટકાવી રહેશે ત્યાં સુધી યાત્રાઓ અંતિમયાત્રામાં ફેરવાતી રહેશે - પછી એ કુંભમેળો હોય કે વૈષ્ણોદેવી...

નવું વર્ષ, નવી હવા, નવો ઉત્સાહ, નવી ઊર્જા અને નવો આનંદ લઈને આવ્યું છે : તેને પ્રેમથી વધાવીએ

પહેલું કિરણ
રમેશ તન્ના

સને ૨૦૨૧નું વર્ષ ગયું અને ૨૦૨૨નું આવ્યું. એકવીસમી સદીનું એકવીસમું વર્ષ, એકવીસમી સદીના વીસમા વર્ષ કરતા રાહત આપનારું હતું. વીસના વર્ષમાં કોરોનાનો કાળો કેર હતો તો એકવીસમા વર્ષમાં ઘા પર વેક્સિન નામનો શીતળ મલમ લાગ્યો હતો. કોઈ પણ ખરાબ સમય છેવટે જવા માટે જ હોય છે એ વાતની પ્રતીતિ આપણને ૨૦૨૨ના વર્ષમાં સતત થવાની છે. ગમે તેવી રાત હોય તો પણ એક સુંદર પ્રભાત થતું જ હોય છે એ વાત ક્યારેય ભૂલવા જેવી નથી. દરેક સમયે વહી જવા માટે જ હોય છે. દુ:ખની ઘડી ગમે તેટલી કપરી હોય તો પણ એ પૂરી થતી હોય છે. દરેક રળિયામણી ઘડી મનુષ્ય માત્રના જીવનમાં પ્રવેશ કરવા સતત આતુર હોય છે.

નવા વર્ષને આપણે નવી રીતે વધાવવું જોઈએ. કોરોના નામના વાયરસે આપણને જીવનને જોવાની એક નવી દૃષ્ટિ આપી છે. આ જીવન ગમે ત્યારે પૂરું થઈ શકે છે તેવી શીખ આપણને કોરોના નામના અદૃશ્ય અને ટચૂકડા વાયરસે શીખવાડી છે. આપણે દરેક સ્થિતિમાંથી બોધ લેવો જોઈએ. વિકટ અને કપરી સ્થિતિમાંથી માણસ જેટલું શીખે છે તેટલું બીજે ક્યાંયથી શીખી શકતો નથી. આપણે વારંવાર કોરોના વાયરસનો આભાર માનવો જોઈએ કે, તેણે આપણને યાદ કરાવ્યું કે, જીવનને ગંભીરતાથી લેવાનું છે. જીવનને પ્રેમથી લેવાનું છે.

નવા વર્ષને આપણે નવા ઉન્મેષથી વધાવીએ. નવો ઉન્મેષ એટલે કેવો ઉન્મેષ ? નવો ઉન્મેષ એટલે પ્રેમથી તરબતર અને છલોછલ ઉન્મેષ. ખાટલે મોટી ખોડ એ છે કે, આપણે બધા પૈસા અને સગવડોની ચુંગાલમાં બરાબરના ફસાઈ ગયા છીએ. ૧૯મી સદીની બે મોટી શોધ, નોટ અને વોટ, મનુષ્યને બરાબરની તડપાવી રહી છે. પૈસો ઘણું બધું છે, પરંતુ પૈસો બધું જ નથી એ વાત હવે આપણે વારંવાર યાદ રાખવી પડશે. પૈસાથી, પૈસાની મદદથી ઊભી કરેલી વ્યવસ્થાથી જ સુંદર અને સાચું જીવન જીવાય છે એ આભાસને આપણે ખોટો પાડવો પડશે.

સાચું જીવન પ્રેમ, સંવેદના અને કરુણાની મદદથી જીવી શકાતું હોય છે. આપણે બધા પૈસાની વાતોમાં આવી ગયા છીએ. આપણે બધા પૈસાના વધારે પડતા ગુલામ બની ગયા છીએ. જીવન જીવવા માટે સુખ, સગવડ, સાધનો અને હવે ઉપકરણોની જરૂર પડે એનો ઈકાર ન કરી શકાય, પરંતુ માત્ર એનાથી જ ઉત્તમ જીવન જીવી શકાતું નથી. એનાથી જીવન જીવી શકાય છે, પરંતુ ઉત્તમ જીવન જીવવા માટે તો પ્રેમ જોઈએ છે.

પ્રેમ હાંફી રહ્યો છે અને પૈસો હસી રહ્યો છે.

સાધનો વટ મારે છે અને સાધના ઓશિયાળી થઈ ગઈ છે.

ઉપકરણો ફાંકામાં છે અને સંવેદના હાંસિયામાં છે.

આ સ્થિતિ યોગ્ય સ્થિતિ નથી. નવા વર્ષે આપણે નક્કી કરીએ કે, સુંદર જીવન જીવીશું. ફાંફા મારવાનું બંધ કરીશું. જાતને સમય આપીશું. બીજાને પ્રેમથી સાંભળીશું. જે આપે છે તે પામે છે એ વાત સતત યાદ રાખીશું. સ્વાર્થ વગરના થવું અશક્ય છે, પરંતુ મહત્તમ પરમાર્થ કરીશું. બીજાને સુખી કર્યા વગર કોઈ માણસ ક્યારેય સાચા અર્થમાં સુખી થઈ શકતો નથી એ વાતને ભૂલીશું નહીં. આપીને પામીશું.

આપણે ઘરમાં ચીજવસ્તુઓનો ઢગલો કરી દઈએ છીએ. જરૂરિયાતોને ઘટાડીશું. જેની પાસે નથી તેનો પણ વિચાર કરીશું. આપણી પાસે જે વધારાનું છે એ જરૂરિયાતમંદને આપી દઈશું. આપવા માટે છાતી જોઈએ. આપવા માટે હૃદયની વિશાળતા જોઈએ. આપવા માટે સંવેદનશીલતા જોઈએ. આ બધું નહીં હોય તો જન્માવીશું. સંવેદના વગરનો માણસ ક્યારેય સાચો માણસ હોઈ ન શકે.

ભારતની વાત કરીએ તો આપણે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યા છીએ. સ્વતંત્રતા મળે, ૭૫ વર્ષ થઈ ગયાં છે. અનેક, કરોડો લોકો આજે પણ ગરીબ છે. કરોડો લોકો પાસે રહેવા ઘર નથી. કરોડો લોકોની જઠરાગ્નિ અતૃપ્ત રહે છે. આવું ના ચાલે. નવા વર્ષે આપણે સંકલ્પ કરીએ કે, બીજાનો પહેલો વિચાર કરીશું. આપણા સ્વાર્થને ઢીલો કરીશું. આપણી અપેક્ષાઓને ઓછી કરીશું. આપણી જરૂરિયાતોને ઘટાડીશું. ભલા થઈશું. ભલું કરીશું.

સને ૨૦૨૨નું વર્ષ કહે છે કે, મને પ્રેમથી આવકારો. મને આવકારવાની સૌથી શ્રેષ્ઠ રીત એટલી જ છે કે, તમારા હૃદયમાં ખૂબ પ્રેમ વહાવો. પ્રેમને બાંધી ના રાખો. મહત્તમ લોકોને પ્રેમ કરો. કોરોનાની વેક્સિનની સાથે સાથે જીવનના બીજા રોગોની વેક્સિન માત્ર પ્રેમ પાસે જ છે. પ્રેમને ભૂલવા જેવો નથી.

ગોધૂલિ:

સમાજમાં જેટલી સંવેદના વધારીશું તેટલી વેદના ઘટશે. સમાજમાં જેટલી કરુણા વધારીશું તેટલી કરુણતા ઘટશે.

દિન મહિમા

- સાવિત્રીબાઈ ફૂલેનો જન્મદિવસ
  ૧૮૩૧માં આ જ દિવસે ભારતના પ્રથમ મહિલા શિક્ષક અને મરાઠી ભાષાના પ્રથમ કવિયીત્રી સાવિત્રીબાઈ ફૂલેનો જન્મ થયો હતો. મહિલા સશક્તિકરણ માટે આદર્શ ગણાયા સાવિત્રીબાઈનું સામાજિક કાર્યકર્તા તરીકે નોંધપાત્ર યોગદાન છે.

આજનું

ઔષધ

- ફુદીનાનો તાજો રસ અથવા અર્ક મગજની શરદી દૂર કરે છે

ખડખડાટ

- આજે મને ફાવે એમ કરો કેમ કે આજે 'મન ડે' છે.

આજનો

વોટ્સએપ

- સપ્તરંગની બનેલી આ દુનિયામાં ઈશ્વરે કોઈનાં પણ જીવનમાં સાતેય રંગ નથી પૂર્યા પણ જીવનમાં દરેકના જીવનમાં કોઈ એક રંગ તો ખૂટે જ છે.

અર્ઝ કીયા હૈ...

- જમાનાના બધા પુણ્યો જમાનાના મુબારક હો,
  હું પરખું પાપ ને મારા,
  મને એવા નયન દેજે
  - વિપિન પરીખ
- ભીતરે વૈશાખ છે આઠે પ્રહર
  ને અષાઢી આંખ થાતી જાય છે.
  પણ તને આ વાત ક્યાં સમજાય છે !
  - નેહા પુરોહિત
- કોઈ ના મળે તમને
  તો તમે સામેથી કોઈ ને મળી જાવ,
  અહમ્ ને મુકો આઘો
  થોડી લાગણીમાં પલળી જાવ...
  - અજ્ઞાત

મૌનને પણ સંમતિ લક્ષણ ગણવામાં આવે છે, તે યાદ રહે

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

ન બોલે તેને બોલાવજો, જે ન આવે તેને ઘેર જજો,
જે રિસાય તેને રીઝવજો.
ને બધું તેમના ભલાને સારુ નહિ,
પણ તમારા ભલાને સારુ કરજો !
જગત લેણદાર છે, આપણે તેના કરજદાર છીએ.

- મો. ક. ગાંધી

ગુજરાતના જાહેર જીવનના સ્વાથ્યની સાથે જેમને જરા સરખી પણ નિસ્બત હોય એમણે અત્યારે ચૂપ રહેવાનું જોખમ લેવા જેવું નથી. હા અત્યારે ચૂપ રહેવું એ એક જોખમ છે. ગુજરાત અસહિષ્ણુ બનતું જાય છે, કહો કે બની ગયું છે. તમારે નામે. આપણે નામે, લોકશાહીને લજવે એવી ટોળાશાહી ગુજરાતને પગ તળે કચરી રહી છે. પરિણામે સમગ્ર પ્રજા ઝનૂની, નાદાન, વિચારવિહોણી અને ભયજનક રીતે અસહિષ્ણુ હોવાની છાપ દેશભરમાં ઊપસી રહી છે, જે વાસ્તવમાં સાચી નથી. જેમને આ બેફામ વર્તનનો વિરોધ હોય તેમણે મૌન તોડવું પડે, અને સ્પષ્ટ બોલવું પડે. મૌનને પણ સંમતિ લક્ષણ ગણવામાં આવે છે, તે યાદ રહે.

ગુજરાતના આ વલણ સામે સોલી સોરાબજીએ જે જોખમોનો નિર્દેશ કર્યો છે તેની સામે આપણે લાપરવાહ રહેવા જેવું નથી. એમનો મુદ્દો એકદમ સંગીન છે. સમજદાર અને અભિવ્યક્તિ-સ્વાતંત્ર્યમાં વિશ્વાસ રાખનારી પ્રજા જો નાનાં-નાનાં જૂથોની જોહુકમી સ્વીકારી લેશે તો ભવિષ્યમાં ટોળાંની સંમતિ વગર કોઈ પણ કલાકાર, લેખક યા જાહેર જીવનમાં પડેલી વ્યક્તિ પોતાના વિચારો વ્યક્ત નહીં કરી શકે. જો તમે અમારી સાથે નથી, તો અમારી વિરુદ્ધમાં છો અને તેથી મારી ખાવાને પાત્ર છો, એવો ઉદ્દંડ અભિગમ વિચાર-શૂન્યતાનું સીધું પરિણામ છે. વર્ષો પહેલાં એક તમિલ ફિલ્મની રજૂઆત સમયે કંઈક આવો જ વિવાદ ઊભો થયો હતો. તે વખતે સુપ્રીમ કોર્ટે આપેલો ચુકાદો પણ સોલી સોરાબજીએ યાદ દેવડાવ્યો છે. આ ચુકાદા મુજબ અભિવ્યક્તિની

સ્વતંત્રતા જળવાય તે જોવાની રાજ્ય સરકારની ફરજ છે. આ સંદર્ભે રાજ્ય સરકાર પોતાની અશક્તિ જાહેર કરી શકે નહીં. આ સ્વતંત્રતા સચવાય એ જોવાનું સરકાર માટે ફરજિયાત છે.

જે ફિલ્મ પાસે સેન્સર બોર્ડનું પ્રમાણપત્ર છે, એ કોઈને પણ જોવી હોય તો એ જોવાનો તે વ્યક્તિને અધિકાર છે. ધાકધમકીથી, ટોળાંના દબાણથી, દેખાવોના ડરથી કે કાયદા-વ્યવસ્થાના પ્રશ્નો ઊભા થશો એવી દહેશતથી સરકાર આવી પરિસ્થિતિમાં દરમિયાનગીરી ન કરે, તો એ અપરાધ છે. ફિલ્મના કલાકારે કે ફિલ્મ સાથે સંકળાયેલા અન્ય કોઈએ પ્રજાની લાગણીને ઠેસ પહોંચાડી છે, એમ જો કોઈકને લાગતું હોય તોપણ એ પ્રજા અને ફિલ્મની રજૂઆતની વચ્ચે આવી ન શકે જો પ્રજાને એવો મોટો આઘાત લાગ્યો હોય તો એ સ્વયં ફિલ્મનો બહિષ્કાર કરી જ શકે છે. આ એની સ્વતંત્રતા છે. જેમ ફિલ્મ ન જોવી એ એની મરજીની વાત છે, તેમ ફિલ્મ જોવી એ પણ એની મરજીની જ બાબત છે. ફિલ્મ પાસે સેન્સરનું પ્રમાણપત્ર છે, ત્યાં જ પૂર્ણવિરામ આવી જાય છે. ફિલ્મ ન જોવા અંગે અનુરોધ કરી શકાય, લેખો લખી શકાય. ચર્ચા કરી શકાય, પણ થિયેટર પર તોડફોડ કરીને આતંક ફેલાવી ન જ શકાય. અભિનેતાએ વ્યક્ત કરેલા વિચારો એના પો એને ફિલ્મ સાથે બિલકુલ સંબંધ નથી, ત્યારે કોઈ પણ જૂથનું આવું દબાણ શી રીતે ચલાવી લેવાય ?

ગુણવંતી ગુજરાત – ગાંધી-સરદાર, નર્મદ-મેઘાણીની ગુજરાત પાસે જે ડહાપણ બચ્યું હોય, અને હજી સુધી રાજકીય હઠાગ્રહ કે સંકુચિતતાની ઝાળ એને ન લાગી હોય, એ ડહાપણનો વ્યવહારમાં ઉપયોગ કરવાનો આ સમય છે. સાહિત્યની ઉપાસના, કલાની સાધના, કાવ્યતત્ત્વનું સેવન, રંગભૂમિનો ભેખ, સેવાનું તપ, આમાંનું કશું જ ગુજરાતને અજાણ્યું નથી. પણ અત્યારે તો ગુજરાત એટલે ઝનૂન અને ટોળાશાહી, વિચારહીન વર્તન અને અપરિપક્વતા, અસહિષ્ણુતા અને નિરંકુશ વ્યવહાર, એવો જ સંદેશ ફેલાવવામાં આપણે સહુ જવાબદાર છીએ. ગુજરાતની પ્રજાનું આ ચિત્ર ઊભું કરવામાં છ કરોડમાંથી કેટલાં ગુજરાતીઓને રસ છે એ તો જાણીએ ! 'ફના' કે 'રંગ દે બસંતી' ફિલ્મના વિરોધ નિમિત્તે તો અભિવ્યક્તિની સ્વતંત્રતા વિશે આપણે કેટલાં જાગ્રત છીએ એટલું જ બહાર આવ્યું છે. આપણે ઉઘાડાં પડ્યાં છીએ. વાત સીધી અને સાફ છે. જેને આમીરખાનની ફિલ્મ ન જોવી હોય તે ન જુએ, એ એની સ્વતંત્રતા છે. આખીયે પ્રજા વતી મન ફાવે તેમ બોલવા વર્તવાનો હક કોઈ જૂથને ન અપાય. આજે જે વ્યક્તિની બાબતમાં બની રહ્યું છે તે કાલે કોઈ સંસ્થા, કાર્યક્રમ, સાહિત્યકૃતિ, નાટક કે કાવ્ય સંદર્ભે પણ બની જ શકે. પ્રશ્ન ન્યાય અને કાયદાનો છે, અભિપ્રાય-સ્વાતંત્ર્યનો છે. સર્જકો, ચિંતકો, વિચારકો, સંસ્કારધારકો અને શાણા નાગરિકોએ પોતાના અભિગમ વિશે મુખર થવાની આ ક્ષણ છે. આપણું અસ્તિત્વ ક્યાં મૂલ્યોના પ્રસાર-પ્રચાર માટે છે? એવો સવાલ ગુજરાતની કલા-સાહિત્ય સાથે સંકળાયેલી સર્વ સંસ્થાઓએ કરવો પડશે. ખરેખર તો આ અસ્મિતાની કટોકટી છે. જોઈએ કે જાગતાં પણ કેટલાં છે !

- હિમાંશી શેલત

ઊઠ, ઓ ભરતગોત્ર ! તુજ વાટ
જુવે જો ! જગત કાળને ઘાટ.

- ન્હાનાલાલ કવિ

- nehalgadhavi101@gmail.com

બાળ ઉત્પીડન સામે રક્ષણ આપવું જોઈએ - ગુજરાત હાઈકોર્ટ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

માતા-પિતા વચ્ચે જયારે વિચાર થાય ત્યારે તેનો પહેલો ભોગ ઘરમાં કુમળી વયનું બાળક બને છે અને તેના કુમળા બાળમાનસ ઉપર વિપરિત અસર પડે છે. જે સમાજ માટે ખતરારૂપ છે.

ચાઈલ્ડ એબ્યુઝ એટલે કે બાળ ઉત્પીડનનો સૌથી વધુ ભોગ છૂટાછેડા મેળવવા માતા-પિતાના સંતાનો બને છે. બાળકોને વિવિધ પ્રકારના ઉત્પીડન સામે રક્ષણ આપવાની જવાબદારી માત્ર પોલીસ કે કોર્ટની જ નહી પણ સમાજની છે, માતા-પિતાની છે.

બાળઉત્પીડન અને તેમાય માતા-પિતા અલગ થાય તેના લીધે સંતાનોને પીડાતા મુદ્દા ઉપર નામ. ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહીતની અરજીમાં દાદ માંગવામાં આવી હતી, કે બાળકોના વિવિધ પ્રકારના ઉત્પીડન સામે રક્ષણ મળવું જોઈએ. ખાસ કરીને માતા-પિતા કાનૂની જંગ લડતા હોય તેનો ભોગ કુમળી વયના સંતાનોના માનસિક ઉપર કે તેમના ઉછેર, શિક્ષણ, સંસ્કાર, ઘડતર, ચારીત્ર ઘડતર ઉપર થવું ના જોઈએ. બાળ ઉત્પીડનએ સામાજીક ખતરા સમાન છે. જે બાળકોએ દેશનું ભવિષ્ય છે. જો તેમનો વિકાસ યોગ્ય દિશામાં થયેલ ના હોય તો સમાજમાં ગુનેગારો પેદા થવામાં આવી માનસીકતા વધારે ભાગ ભજવે છે. કાનૂની જંગમાં બાળકોને રક્ષણ મળી રહે તેવા નામ. કોર્ટ આદેશો કરવા જોઈએ. જો બાળક માતા પાસે હોય તો તેના શિક્ષણ ભરણ-પોષણ, ઉછેરની વ્યવસ્થા તેના પિતા દ્વારા પણ યોગ્ય રીતે થવી જ જોઈએ. બાળક ઉપર માતા-પિતા બંનેનો સમાન હક્ક છે. તો બંનેની સમાન ફરજો પણ છે. જે સુપેરે નિભાવી બાળ વિકાસમાં તેમની લડાઈની અસરના થાય તે જોવાની જવાબદારી માતા-પિતાની છે.

જસ્ટીસ અરવિંદકુમાર અને જસ્ટીસ એ.જે. શાસ્ત્રીએ જાહેર હિતની અરજીની સરાહના કરી હતી અને નોંધ્યું હતું કે, અરજદારના મુદ્દા ધ્યાન માંગી લે તેવા છે. તેને નકારી શકાય નહિ. માતા-પિતા વચ્ચેનાં ઝઘડામાં હંમેશા બાળકોને જ સહન કરવું પડે છે. નવી વ્યવસ્થામાં પોતાની જાતને ગોઠવવી બાળમાનસ માટે અઘરી છે.

સમાજમાં તરૂણવયનાં બાઈકોનાં જુદા-જુદા ઉત્પીડનના બનાવો બનતા રહે છે, પરંતુ મોટાભાગે સગીરવયની યુવતીના રેપ નો વિષય ન મહત્વનનો અને ચર્ચાસ્પદ રહે છે. તેના ગુનેગારોને ફાંસી સુધીની જોગવાઈ છે, પંરતુ બાળઉત્પીડન માટે ગંભીર પ્રકારની સજાની જોગગાઈ નથી, તેથી બાળ ઉત્પીડન જે ઘરમાંથી જ શરૂ થાય છે, તેના તરફ કોઈનું ધ્યાન જતું નથી. સમાજને આવો પ્રશ્ન કોઈનો વ્યક્તિગત પ્રશ્ન લાગતો હોય તેમાં દખલઅંદાજ કરતા નથી અને માતા-પિતા તથા કોર્ટના નિર્ણય ઉપર આધાર રાખવામાં આવે છે, પરંતુ સામાજીક સંસ્થાઓ તથા બાળ સુધારણાગ્રહે તેમજ ચાઈલ્ડ પ્રોટેક્શન ટ્રસ્ટે આ સંબંધે જાગૃતિ લાવવી જોઈએ. લગ્નવિચ્છેદના ના કારણે બાળકો ઉપર થતાં યાતનાઓ શારિરીક અને માનસિક પીડાએ ગંભીર પ્રકારની બિમારી છે, જે સમાજમાં દૂષણ ફેલાવે છે. સામાજીક વિકાસ રૂંધે છે અને સમય જતાં આવા બાઈકો પારકી લાગણી મેળવવા જતાં ગંભીર પ્રકારની યાતનાનો ભોય બને છે અથવા છેતરપીંડીનો ભોગ બને છે. લોકો પોતાનું શારિરીક, માનસિક શોષણ કરે છે અને છેતરપીંડી બાળકો, ગંભીર ગુના તરફ વળે છે. અગરતો ડ્રગ્સ એડિટ બની જાય છે.

જ્યુડીશીયરી દરેક બુરાઈ કે બદી ને દૂર કરવાનો એકમાત્ર ઉપાય કે માર્ગ નથી બાળકો તેમજ લગ્ન સમાજથી જોડાયેલા કેસોમાં લીગલ એકેડેમિક્સ કામમાં આવતું નથી. બાળકનો કબજો લેવા માટે માતા-પિતા વચ્ચેની ખેંચતાણમાં બાળકના હુમલા માનસ ઉપર વિપરિત અસર થાય છે.

ભારતના લૉ કમિશનને પણ ચાઈલ્ડ ઉત્પીડનને રોકવા યોગ્ય પગલા ભરવા તથા કાયદામાં જરૂરી સુધારા કરવા માટે હાઈકોર્ટે ભલામણ કરી છે. તેમજ ભારત સરકારને આ માટે આદેશ જારી કરવા જણાવ્યું છે. મુંબઈ હાઈકોર્ટ આ અંગેના કેસમાં વિસ્તૃત છણાવટ કરી ભારત સરકારને ગાઈડ લાઈન આપવા દિશાનિર્દેશ કરેલ છે. તેને પણ ધ્યાને લેવા જણાવ્યું છે. માતા-પિતા પોતાનો અહમનો ભોગ કુમળા બાળકોને ના બનાવે તેમ પણ જણાવ્યું હતું.

મોટાભાગનાં કાયદાઓ મહિલાઓની તરફેણમાં ભારતમાં છે. પુરૂષોને મહિલાઓ સામે રક્ષણ મેળવવા માટે કાયદો સમર્થન કરતું નથી. તેનો લાભ પણ ઘણાં કેસાં મળતા મહિલાઓ તરફે બાળકોની કસ્ટડીના હુકમો થાય છે, પરંતુ તેમના ભરણ-પોષણની જવાબદારી સી.આર.પી.સી. કલમ-૧૨૫ મુજબ પિતાની છે. તેથી ઘણા કેસોમાં પિતા દ્વારા બાળકોનો કબજો મેળવવા કાનૂની જંગ લડતા બાળકોના હિત કરતા પોતાનો અહ્મ મહત્વનો માનવામાં આવે છે. પરિણામે કુમળા બાળમાનસ ઉપર વિપરીત અસર પડે છે. કાયદામાં બાળક ૧૪ વર્ષનું થાય ત્યાં સુધી માતા પાસે રાખવાની જોગવાઈ છે. પુખ્ત ઉંમરના બાળક પોતાનું સારૂં હિત કયા જળવાશે તે સમજતો હોય છે, પરંતુ તેમાં ઘણીવાર આર્થિકતા તથા લાગણીસભરતા કામ કરતી હોય છે.

નામ. ગુજરાત હાઈકોર્ટે આવા કેસોમાં ફેમીલી કોર્ટમાં યોગ્ય સમયસીમામાં ચુકાદા જાહેર કરવા માટેની દાદ પણ સુનવણી માટે રાખવામાં આવી છે. વકીલોએ ફેમીલી કોર્ટમાં કસ્ટડીના ક